બોર્ડ બેઠક નં.૨૫૭ તા.૨૨/૦૯/૨૦૨૩ ના રોજ સવારે ૧૧-૩૦ કલાકે

સ્થળ: શહેરી વિકાસ સત્તામંડળ વડોદરા

| અ નં. | વિષય | ઠરાવ નં. | પાન નં. |
|---|---|---|---|
| ૧ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા૧૩/૦૬/૨૦૨૩ ની ૨૫૬ મી બોર્ડ બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત. | ૨૮૭૬ | ૨-૮ |
| ૨ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૮/૦૪/૨૦૨૩ ની ૨૫૫ મી ખાસ બોર્ડ બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત. | ૨૮૭૭ | ૯-૧૩ |
| ૩ | મોજે અટલાદરા તા.વડોદરા વ.કે.નં. ૧૪/૯૧ તા.૨૮/૧૨/૧૯૯૪ થી સંપાદન થયેલ સ.નં. ૪૮ ની સંપાદન જમીન હે.૦-૮૬-૦૦ ચો.મી. વાળી જમીન લેન્ડ ડેવલોપમેન્ટ સ્કીમના હેતુ માટે વળતરની રકમ પર કોર્ટના હુકમ મુજબ ૯%, ૧૫% વ્યાજ ની રકમ રૂ.૭૮,૫૩,૦૦૪/- જમા કરવા બાબત | ૨૮૭૮ | ૧૪ |
| ૪ | વુડા સત્તામંડળના વર્ગ-૪ નાં વુડા તથા આઉટસોર્સીંગ કર્મચારીઓ પટાવાળા તેમજ ડ્રાઈવર ને ગણવેશ આપવા બાબત. | ૨૮૭૯ | ૧૫ |
| ૫ | વુડા સત્તામંડળના વર્ગ-૪ નાં કર્મચારી સ્વ.શ્રી ભુપેન્દ્રભાઈ બી. રાણા, પટાવાળાનાં આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય આપવા બાબત. | ૨૮૮૦ | ૧૬ |
| ૬ | માધવનગરમાં બાકી રહેલ આવાસોનું વેચાણ કરવા બાબત. | ૨૮૮૧ | ૧૭ |
| ૭ | સીડમની લોનની ચુકવણી બાબત | ૨૮૮૨ | ૧૮ |
| ૮ | વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળના સને ૨૦૨૨-૨૩ ના વાર્ષિક હિસાબોને બહાલી આપવા બાબત. | ૨૮૮૩ | ૧૯ |
| ૯ | ગોત્રી ખાતે દિનદયાળ નગર વિભાગ-૧, ૨ અને ૩ ખાતે સ્ટ્રકચરલ સ્ટેબીલીટી અંગે ટેસ્ટીંગની કામગીરી માટે થયેલ ખર્ચને બહાલી આપવા બાબત. | ૨૮૮૪ | ૨૦ |
| ૧૦ | પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧ ના એફ.પી. ૧૪૯ ખાતે કરવાની થતી વધારાની કામગીરીની મંજુરી બાબત | ૨૮૮૫ | ૨૧ |
| ૧૧ | વુડા હદના પૂર્વ વિસ્તારમાં અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્ક નાખવાની કામગીરી બાબત. | ૨૮૮૬ | ૨૨-૨૩ |
| ૧૨ | મોજે. અટલાદરા તા.જી.વડોદરા, રે.સ.નં ૧૦૨/૧ વાળી જમીનમાં ગુજરાત નગર આયોજન અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ (૧૯) હેઠળ ઝોન ફેર કરવા બાબત. | ૨૮૮૭ | ૨૪-૨૫ |
| ૧૩ | મોજે. નાગરવાડા, રે.સ નં ૧૧૦/૩વાળી જમીનમાં વુડાની વિકાસ યોજનામાં દર્શાવેલ પબ્લીક ઇન્સ્ટીટયુશનલ પર્પઝ ફોર એમ.એસ.યુ. ઝોન રદ કરી ઝોન ફેર કરવા બાબત. | ૨૮૮૮ | ૨૬-૨૭ |
| ૧૪ | નગર રચના યોજનાનં. ૨ (સમા-દુમાડ-વેમાલી) ની બીફોર એવોર્ડની દરખાસ્તો અન્વયે રસ્તા તથા સત્તામંડળના અનામત પ્લોટો બાબતે તથા સરકારશ્રીના તા.૨/૧૧/૨૦૨૨ ના યોજના વિસ્તારમાં ૧% પાર્કીંગ અનામત રાખવાની સુચના અન્વયેની દરખાસ્તોને પરામર્શ / અભિપ્રાય આપવા બાબત. | ૨૮૮૯ | ૨૮-૨૯ |
| ૧૫ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળને સંપ્રાપ્ત થતાં પ્લોટનો સામાજિક પ્રસંગો અને તહેવારોના ઉપયોગમાં ભાડેથી પ્લોટ આપવા બાબત | ૨૮૯૦ | ૩૦ |

જે.એસ.પ્રજાપતિ, IAS
સભ્ય-સચિવ
વ
મુખ્ય કારોબારી અધિકારી
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા

## બોર્ડ બેઠક નં.૨૫૭

**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૨/૦૯/૨૦૨૩ના રોજ સવારના ૧૧:૩૦ કલાકે મળેલ**
**૨૫૭ મી બેઠકની કાર્યવાહી નોંધ**

---

બોર્ડ બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| | | |
|---|---|---|
| (૧) | અધ્યક્ષશ્રી<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા<br>વ<br>મ્યુનિસિપલ કમિશ્નરશ્રી<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા. | અધ્યક્ષ શ્રી<br>વ<br>સભ્યશ્રી |
| (૨) | અધ્યક્ષશ્રી<br>સ્થાયી સમિતિ,<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા. | સભ્યશ્રી |
| (૩) | પ્રમુખશ્રી<br>જીલ્લા પંચાયત વડોદરા | સભ્યશ્રી |
| (૪) | મુખ્ય કારોબારી અધિકારીશ્રી<br>**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ**,વડોદરા | સભ્ય-વ સચિવશ્રી |
| (૫) | મુખ્ય નગર નિયોજકશ્રી<br>ગુજરાત રાજય, ગાંધીનગર ના પ્રતિનિધિ | સભ્યશ્રી |
| (૬) | સીટી એન્જીનીયરશ્રી<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા | સભ્યશ્રી |

આજની બેઠકમાં કોરમ થવાથી કાર્યસુચિ સાથેના નિયમિત મુધ્દા નં.૦૧ થી ૧૪ ની નીચે પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

**મુદ્દા નંબર : (૧) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા૧૩/૦૬/૨૦૨૩ ની ૨૫૬ મી બોર્ડ બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની **તા.૧૩/૦૬/૨૦૨૩ ની ૨૫૬** મી બેઠકમાં મુદ્દા નં. ૧ થી ૨૪ અને અધ્યક્ષ સ્થાનેથી -૧ મળી કુલ-૨૫ મુદાના ઠરાવ ક્રમાંક ૨૮૫૧ થી ૨૮૭૫ અત્રેના પત્ર નં. યુડીએ/એડીએમ/મીટીંગ/૪૩૧/૨૩ તા.૧૬/૦૬/૨૩ સુધીના લેવાયેલ નિર્ણયોના બહાલી માટે રજુ થતા ઠરાવો બાબતે કોઇ સભ્યશ્રી તરફથી કોઇ સલાહ સુચન મળેલ ના હોય સર્વાનુમતે બહાલી આપી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૮૭૬):** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની **તા.૧૩/૬/૨૦૨૩ ની ૨૫૬ મી બેઠકની કાર્યવાહીનાં** ઠરાવ ક્રમાંક ૨૮૫૧ થી ૨૮૭૫ ને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

## વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૩/૦૬/૨૦૨૩ ની ૨૫૬ મી બેઠકમાં થયેલ ઠરાવ પરત્વે બહાલી માટેની નોધ

<table>
<tr><th>મુદ્દા નંબર</th><th>વિષય</th><th>બેઠકમાં થયેલ ઠરાવની વિગત</th></tr>
<tr><td>૧</td><td>વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૦/03/૨૦૨૩ ની ૨૫૪ તથા તા.૧૮/૦૪/૨૦૨૩ ની ૨૫૫ મી ખાસ બોર્ડ બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.</td><td><u>ઠરાવ ક્રમાંક (૨૮૫૧):</u> વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૦/03/૨૦૨૩ ની ૨૫૪ અને ખાસ બોર્ડ બેઠક નં.- ૨૫૫ મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.</td></tr>
<tr><td>૨</td><td>વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૨/૦૭/૨૦૨૨ ની ૨૫૩ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત.</td><td><u>ઠરાવ ક્રમાંક (૨૮૫૨) :</u> વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૨/૦૭/૨૦૨૨ ની ૨૫૩ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની સર્વાનુમતે બહાલી આપવામાં આવી.</td></tr>
<tr><td>3</td><td>મુદા નંબર : (3) મોજે. અટલાદરા તા.વડોદરા વ.કે.નં. ૧૪/૯૧ તા.૨૮/૧૨/૧૯૯૪ થી સંપાદન થયેલ સ.નં. ૪૮,૧૧ પૈકી, ૧૪ માંથી સ.નં. ૪૮ પૈકીની ૦૦-૮૬-૦૦ ચો.મી. વાળી જમીન લેન્ડ ડેવલોપમેન્ટ સ્કીમના હેતુ માટે સંપાદન કરવામાં આહવેલ જે અંગે વધુ વળતરની રકમ રૂ.૩૧,૫૭,૯૨૦/- ની નાણાંકીય જોગવાઇ કોર્ટમાં જમા કરવા બાબત.</td><td><u>ઠરાવ ક્રમાંક) ૨૮૫૩ : (</u>વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ તરફથી લેન્ડ રેફરન્સ દાવા નંબર ૬૨૬/૧૯૯૬ માં કોર્ટના ચુકાદા તા.03/03/૨૦૨૩ મુજબ કોર્ટમા જમા કરાવેલ રકમ રૂ.૩૧,૫૭,૯૨૦/- (અંકે રૂપિયા એકત્રીસ લાખ સત્તાવન હજાર નવસો વીસ પુરા) ને બહાલી આપવામાં આવી.</td></tr>
<tr><td>૪</td><td>વુડા સત્તામંડળના આઉટસોર્સીગ કર્મચારીઓના નવા ફીક્સ માનદ વેતનમાં સુધારો કરવા બાબત.</td><td><u>ઠરાવ ક્રમાંક (૨૮૫૪)</u> : વુડા સત્તામંડળના આઉટસોર્સીગ કર્મચારીઓના ફીક્સ માનદ વેતનમાં નીચે મુજબ સુધારો કરવા અને તે મુજબના પગાર ધોરણે ઓન લાઇન ટેન્ડર પ્રક્રીયા કરવાની તમામ સત્તાઓ મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોંપવા ઠરાવવામાં આવ્યુ.
<table>
<tr><th>બોર્ડ બેઠક મુજબ અ.નં.</th><th>હોદ્દો</th><th>બોર્ડ બેઠક-૨૫૪ ઠરાવ ક્રમાંક-૨૮૩૪ મુજબ મંજુર થયેલ નવુ ફીક્સ માનદ વેતન</th><th>ચર્ચા મુજબ સુધારેલ ફીક્સ માનદ વેતન</th></tr>
<tr><td>૧૦</td><td>સર્વેયર</td><td>૧૯૯૫૦/-</td><td>૩૧૩૪૦/-</td></tr>
<tr><td>૧૩</td><td>અરબન પ્લાનર</td><td>૩૮૦૯૦/-</td><td>૪૧૦૮૮/-</td></tr>
<tr><td rowspan="2">૧૪</td><td>AE</td><td>૩૧૩૪૦/-</td><td>૩૮૦૯૦/-</td></tr>
<tr><td>AAE</td><td>૩૧૩૪૦/-</td><td>૩૧૩૪૦/-</td></tr>
<tr><td>૧૬</td><td>જી.આઇ.એસ. એનાલીસ્ટ</td><td>૩૧૩૪૦/-</td><td>૩૮૦૯૦/-</td></tr>
</table></td></tr>
<tr><td>૫</td><td>પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત બનાવવામાં આવેલ/આવનાર આવાસોના વેરા બીલ ભરવા બાબત.</td><td><u>ઠરાવ ક્રમાંક (૨૮૫૫)</u> : પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત વેરા બીલો ભરવા માટે નીચે મુજબ નિર્ણય થયેલ છે.<br>(૧) પૂર્ણ થયેલ આવાસો માટેવુડા કચેરી દ્વારા વડોદરા મહાનગર પાલિકા દ્વારા રજૂ થયેલ વેરા બીલો ભરવા અંગે મંજૂરી</td></tr>
</table>

| | | |
|---|---|---|
| | | આપવામાં આવી તથા ત્યારબાદના વેરા બીલ જે તે લાભાર્થીઓ દ્વારા ભરપાઈ કરવા માટેની મંજુરી આપવામાં આવેલ છે.<br>(૨) જયારે પ્રગતી હેઠળના આવાસ યોજના માટે વુડા કચેરી દ્વારા બિલ્ડીંગ યુઝ સર્ટીફીકેટ/ઓક્યુપન્સી સર્ટીફીકેટ મળ્યાની તારીખ થી જે તે લાભાર્થીઓને તેઓના આવાસનું પઝેશન શરૂ થયાની તારીખ સુધીનો વેરો વુડા કચેરી દ્વારા ભરપાઈ કરવા તેમજ તથા ત્યારબાદનો વેરો જે તે લાભાર્થી દ્વારા ભરપાઈ કરવા માટેની મંજુરી આપવામાં આવેલ છે.<br>તેમજ ઉક્ત વિગતે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું. |

| | | |
|---|---|---|
| ૬ | વુડા વિસ્તારમાં પ્રગતિ હેઠળના વિવિધ ઈન્ફ્રાસ્ટ્રકચર તથા પ્રધાનમંત્રી આવાસ યોજનાના કામો પેટે ઈજારદારશ્રીને સરકારશ્રીના ઠરાવ મુજબ **GST** માં થયેલ વધારાની રકમનું ચુકવણું કરવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૮૫૬) :** વુડા વિસ્તારમાં પ્રગતિ હેઠળના વિવિધ ઈન્ફ્રાસ્ટ્રકચર તથા પ્રધાનમંત્રી આવાસ યોજનાના કામો પેટે ઈજારદારશ્રીને સરકારશ્રીના તા. ૧૮/૦૭/૨૦૨૨ ના ઠરાવ મુજબજે ઈજારદારશ્રીના ટેન્ડરની શરતમાં વધારો ચૂકવવાનું દર્શાવેલ હોય માત્ર તે જ કામના તા. ૧૮/૦૭/૨૦૨૨ બાદ ચુકવેલ બીલોના **GST** ભર્યાના ચલણને ધ્યાને લઈ પ્રિ-ઓડીટ કર્યા બાદ ૬% મુજબ (બીલની રકમ માંથી ૧૨% મુજબ GST બાદ કર્યા પછીની રકમ પર) ચુકવવાની મંજુરી આપવામાં આવી તે સિવાયના અન્ય કામ જેમાં ટેન્ડરની શરતમાં GST અંગે ઉલ્લેખ થયેલ ન હોય તે બાબતે વધુ વિચારણા હેતુ એ આગામી બોર્ડ બેઠકમાં સાદર કરવા સુચના આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું. |
| ૭ | વુડા ઓફિસમાં મરામત અને નવીનીકરણને લગતી કામગીરી કરવા તથા તે અંગે થનાર ખર્ચને મંજુરી આપવા બાબત. | **ઠરાવ ક્રમાંક ( ૨૮૫૭ ) :** વુડા ઓફિસમાં મરામત અને નવીનીકરણને લગતી કામગીરી કરવા અંગે અંદાજિત થનાર ખર્ચ રૂ. ૮૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પંચ્યાસી લાખ પુરા) મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું |
| ૮ | ખાનપુર-અંકોડીયા ટી.પી. સ્કીમ નં. ૦૨ માં અને પૂર્વ વિસ્તારની ટી.પી. સ્કીમ નં.૨૫માં કુલ ૦૨ (બે) ૩૦ મીટર પહોળાઈવાળા સ્લેબ કલવર્ટ બનાવવાની કામગીરી બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૮૫૮) :** ખાનપુર-અંકોડીયા ટી.પી. સ્કીમ નં. ૦૨ માં અને પૂર્વ વિસ્તારની ટી.પી. સ્કીમ નં. ૨૫ માં કુલ ૦૨ (બે) ૩૦ મીટર પહોળાઈવાળા સ્લેબ કલવર્ટ બનાવવાની કામગીરી માટે થનાર ખર્ચ રૂ. ૩,૮૦,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા ત્રણ કરોડ એંસી લાખ પુરા)ને મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું. |
| ૯ | મોજે ઉંડેરા તળાવથી લક્ષ્મીપુરા તળાવ સુધી પસાર થતી કાંચી કાંસને આર.સી.સી. ની પાકી કાંસ બનાવવાની કામગીરી રદ કરવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૮૫૯ ) :** મોજે ઉંડેરા તળાવથી લક્ષ્મીપુરા તળાવ સુધી પસાર થતી કાંચી કાંસને આર.સી.સી. ની પાકી કાંસ બનાવવાની કામગીરી માંથી ઈજારદારશ્રી મે. શિવમ કન્સ્ટ્રકશન કું., વડોદરાને છુટા કરવા તેમજ તેઓ દ્વારા જમા કરાવેલ ઈનિશ્યલ સિક્યુરીટી ડિપોઝીટની રકમ (ISD) પરત કરવા મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું. |
| ૧૦ | મોજે ભાયલી ગામના તળાવથી ભાયલી ટી.પી.સ્કીમ નં. ૫ ના બળિયાદેવ મંદિર સુધી આર.સી.સી કાંસ બનાવવાની કામગીરી બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૮૬૦ ) :** મોજે ભાયલી ગામના તળાવથી ભાયલી ટી.પી.સ્કીમ નં. ૫ ના બળિયાદેવ મંદિર સુધી આર.સી.સી કાંસ બનાવવાની કામગીરી માંથી ઈજારદારશ્રી મે. સૌરભ બિલ્ડર્સ, અમદાવાદને છુટા કરી, તેઓ તરફે ટેન્ડરની શરતો મુજબ ટેન્ડરના કલોઝ નં. ૦3 Default by contractor ના પેરા નં. ૦૨ માં જણાવ્યા મુજબ ૦૩ વર્ષ માટે Abeyance કરવાની સુચના આપવામાં આવી. તેમજ બાકી રહેલ કામગીરી તેઓના ખર્ચે અને જોખમે પૂર્ણ કરવા તથા આ કામગીરીની હયાત પી.એમ.સી એજન્સી જયેશ એ. દલાલ, સુરત પાસે સાઈટ સર્વે કરાવી નવીન એસ.ઓ.આર મુજબ ડીપીઆર તેમજ અંદાજપત્ર તૈયાર કરાવી ટેન્ડર બનાવી ઈજારદારશ્રી નક્કી કરી બાકી રહેલ કામગીરી પૂર્ણ કરવાની મંજૂરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું. |
| ૧૧ | વુડા ધ્વારા કરવામાં આવતા ડેવલોપમેન્ટના કામો તથા અન્ય સીવીલ કામો કરવા માટેના અંદાજોને તાંત્રીક મંજુરી આપવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૮૬૧) :** વુડા ધ્વારા કરવામાં આવતા ડેવલોપમેન્ટના કામો તથા અન્ય સીવીલ કામો કરવા માટેના અંદાજોને તાંત્રીક મંજુરીની કમિટી અને ટેન્ડર કમિટીની રચનામાં ફેરફાર કરવાની મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું. |

| | | |
|---|---|---|
| ૧૨ | મોજે ખટંબા ગામ પાસે **MPS** બનાવી કપુરાઈ સ્થિત વી.એમ.સી ના **60 MLD STP** સુધી પ્રેસર મેઈન લાઈન નાખવાની કામગીરીમાં થનાર વધારાની કામગીરી બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૮૬૨ ) :** મોજે ખટંબા ગામ પાસે **MPS** બનાવી કપુરાઈ સ્થિત વી.એમ.સી ના **60 MLD STP** સુધી પ્રેસર મેઈન લાઈન નાખવાની કામગીરીમાં વધારાની કામગીરી માટે થયેલ ખર્ચ રૂ. ૩૫,૦૬,૪૬૨.૫૦ ને મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું. |
| ૧૩ | વડોદરા શહેરી વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરાના ઈન્ફ્રાસ્ટ્રકચરના કામો માટે થનાર ખર્ચને, ઈજારદારશ્રી,પી.એમ.સી તથા ટી.પી.આઈ ને બહાલી આપવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૮૬૩ ) :** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરાના ઈન્ફ્રાસ્ટ્રકચરના કામો માટે થનાર ખર્ચ તેમજ ટેન્ડર પ્રક્રિયાથી નક્કી થયેલ ઈજારદારશ્રી, પી.એમ.સી તથા ટી.પી.આઈ માટે કરેલ કાર્યવાહી ને બહાલીઆપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું. |
| ૧૪ | મોજે પુર્વ વિસ્તારમાં ટેકનોલોજી પાર્ક નોર્ડ ટી.પી.સ્કીમ નં. ૨૫ ના રસ્તાઓમાં હનુમાનપુરા, ખટંબા, બાપોદ, અણખોલ તથા આ વિસ્તારના રસ્તાઓને મુખ્યમાર્ગ સાથે જોડતા ડી.પી. રસ્તામાં કાર્પેટ રોડ બનાવવાના કામ માટે વધારાની કામગીરી બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૮૬૪) :** મોજે પુર્વ વિસ્તારમાં ટેકનોલોજી પાર્ક નોર્ડ ટી.પી.સ્કીમ નં. ૨૫ ના રસ્તાઓમાં હનુમાનપુરા, ખટંબા, બાપોદ, અણખોલ તથા આ વિસ્તારના રસ્તાઓને મુખ્યમાર્ગ સાથે જોડતા ડી.પી. રસ્તામાંકાર્પેટ રોડ બનાવવાના કામમાટે વધારાની કામગીરી ઈજારદારશ્રી મે. શીવમ કન્સ્ટ્રકશન કું, વડોદરા પાસે કરાવવા અને તે માટે થનાર ખર્ચ રૂ. ૧૦.૭૧ કરોડને મંજુરી આપવામાં આવી તથા રસ્તાના ડીવાઈડરમાં સોલાર લાઈટની વધારાની કામગીરી સદર ટેન્ડરમાં જ કરાવવા અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું. |
| ૧૫ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ સૂચિત મુસદ્દારૂપ નગરરચના યોજના નં. ૨૬-એ (સુંદરપુરા-ધનિયાવી) નો ઇરાદો જાહેર કરવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૮૬૫) :** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬-એ (સુંદરપુરા-ધનિયાવી) બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ પાઠવેલ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું અને આ અંગેની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી. |
| ૧૬ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટસૂચિત મુસદ્દારૂપ નગરરચના યોજના નં. ૨૬-બી(વોરાગામડી) નો ઇરાદો જાહેર કરવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૮૬૬) :** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬-બી (વોરાગામડી) બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ પાઠવેલ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું અને આ અંગેની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી. |
| ૧૭ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટસૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૬/સી (ચિખોદ્રા, અલ્હાદપુરા) નો ઇરાદો જાહેર કરવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૮૬૭) :** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬/સી (ચિખોદ્રા, અલ્હાદપુરા) બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ પાઠવેલ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું અને આ અંગેની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી. |

| | | |
|---|---|---|
| ૧૮ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટસૂચિત નગરરચના યોજના નં. ૨૮/ડી(બાકરોલ, જેસંગપુરા) નો ઇરાદો જાહેર કરવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૮૬૮) :** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૮-ડી (બાકરોલ-જેસંગપુરા) બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ પાઠવેલ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું અને આ અંગેની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી. |
| ૧૯ | મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૯-એ (કુમેઠા,મોરલીપુરા) ને બે ભાગમાં વિભાજીત કરી સૂચિત નગર રચના યોજના નં. ૨૯-એ (કુમેઠા) તેમજ સૂચિત નગર રચના યોજના નં. ૨૯-સી (કુમેઠા-મોરલીપુરા) બનાવવા માટે અધિનિયમની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરનો પરામર્શ મેળવવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૮૬૯ ) :** મુખ્ય નગર નિયોજકશ્રીના સૂચન પરત્વે સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/એ (કુમેઠા,મોરલીપુરા) ને બે ભાગમાં વિભાજિત કરી સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/એ (કુમેઠા) અને સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/સી (કુમેઠા,મોરલીપુરા) બનાવવા માટે તેના હદ વિસ્તારને સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ અને તેની મંજૂરી અર્થે ગુજરાત નગર રચના અને અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલામ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રીનો પરામર્શ મેળવવા અંગેની દરખાસ્ત મુખ્ય નગર નિયોજકશ્રીને પાઠવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. આ અંગેની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી. |
| ૨૦ | મોજે કુમેઠા ગામના વિસ્તારમાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૯/ડી (કુમેઠા) અને સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/ઈ (કુમેઠા) બનાવવા માટે અધિનિયમની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરનો પરામર્શ મેળવવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૮૭૦) :** મોજે કુમેઠા ગામના બાકી રહતા રહેણાંક ઝોન (આર-૩) ની જમીનોમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/ડી (કુમેઠા) અને૨૯/ઈ (કુમેઠા) બનાવવા માટે રજૂ કરેલ હદ વિસ્તારને સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું. તેની મંજૂરી અર્થે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો પરામર્શ મેળવવા અંગેની દરખાસ્ત મુખ્ય નગર નિયોજકશ્રીને પાઠવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી. |
| ૨૧ | મોજે મુજારગામડી ગામના વિસ્તારમાં સૂચિત નગર રચના યોજના નં. ૩૦ (મુજારગામડી) બનાવવા માટે તેની હદ નક્કી કરી અધિનિયમની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરનો પરામર્શ મેળવવા બાબત | **ઠરાવ ક્રમાંક (૨૮૭૧) :**<br>(૧) મોજે મુજારગામડી ગામની રહેણાંક ઝોન **R-1** માં સમાવિષ્ટ થતી જમીનોમાં સૂચિત નગર રચના યોજના નં. ૩૦ (મુજારગામડી) બનાવવા માટે રજૂ કરેલ હદ વિસ્તારને સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું તેમજ તેની મંજૂરી અર્થે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો પરામર્શ મેળવવા અંગેની દરખાસ્ત મુખ્ય નગર નિયોજકશ્રીને પાઠવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડા ને સુપ્રત કરવામાં આવી.<br>(૨) મુદ્દા નં. ૨ ના **(A)**, **(B)**, **(C)** માં સૂચવ્યા મુજબ મંજૂર અને અમલી દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજનામાં ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૯ હેઠળ ફેરફાર કરી તે અંગેથી દરખાસ્ત શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને મોકલવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. આ અંગે આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડા ને સુપ્રત કરવામાં આવી. |

| | | |
|---|---|---|
| ૨૨ | મોજે ચાપડ અને તલસટ ગામોના વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૧(ચાપડ-તલસટ) અને સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૨ (તલસટ)બનાવવા માટે અધિનિયમની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરનો પરામર્શ મેળવવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૮૭૨) : મોજે. ચાપડ તેમજ તલસટ ગામના રહેણાંક ઝોનની જમીનોમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૧ (ચાપડ-તલસટ) અને સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૨ (તલસટ) બનાવવા માટે રજૂ કરેલ હદ વિસ્તારને સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું. તેની મંજૂરી અર્થે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો પરામર્શ મેળવવા અંગેની દરખાસ્ત મુખ્ય નગર નિયોજકશ્રીને પાઠવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી. |
| ૨૩ | અંતિમ નગર રચના યોજના નં.૧ (ખાનપુર-સેવાસી) માં બ્લોકનં.૧૭, ઓ.પી.નં.૧૬, અંતિમ ખંડ નં.૧૫, બ્લોકનં.૧૨, ઓ.પી.નં.૧૧, અંતિમ ખંડ નં.૧૧, સ્થાનિક વાણિજય હેતુ માટે અનામત અંતિમખંડ નં.૧૧૨ તથા **SEWSH**ના હેતુ માટે અનામત અંતિમખંડ નં.૧૦૯, ૧૧૦ અન્વયે વેરીએશન કરવા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રીનો પરામર્શ મેળવવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૮૭૩) : અરજદારશ્રીની રજુઆત ધ્યાને લઇ વુડા બોર્ડના સર્વે સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણાના અંતે; અંતિમ નગર રચના યોજના નં.૧ (ખાનપુર-સેવાસી) માં બ્લોકનં.૧૭, ઓ.પી.નં.૧૬, અંતિમ ખંડ નં.૧૫, બ્લોકનં.૧૨, ઓ.પી.નં.૧૧, અંતિમ ખંડ નં.૧૧, સ્થાનિક વાણિજય હેતુ માટે અનામત અંતિમખંડ નં.૧૧૨ તથા **SEWSH**ના હેતુ માટે અનામત અંતિમખંડ નં.૧૦૯, ૧૧૦ અન્વયે વેરીએશન કરવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો પરામર્શ મેળવવા અંગેની દરખાસ્ત મુખ્ય નગર નિયોજકશ્રીને પાઠવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી. |
| ૨૪ | વુડા વિસ્તારમાં ૪૫.૦ મી. થી વધુ ઉંચાઇ ધરાવતી બિલ્ડીંગની સુરક્ષા જરૂરીયાત અન્વયે સી.જી.ડી.સી.આર ના વિનિયમ ૪.૭ જોગવાઇ મુજબ કમિટીની રચના કરવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૮૭૪) : સી.જી.ડી.સી.આર.-૨૦૧૭ ના વિનિયમ ૪.૭ મુજબ ૪૫.૦૦ મી. થી વધુ ઉંચાઈ ધરાવતી બિલ્ડીંગની સુરક્ષા ધ્યાને રાખતા બનાવવાની થતી કમીટી અન્વયેના સ્ટ્રકચર સેફટી કમિટી બનાવવા બોર્ડના સર્વે સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણાના અંતે ઉકત મુદ્દામાં દર્શાવેલ કોષ્ટક **B** મુજબના સભ્યોની કમિટી બનાવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| ૨૫ | **અધ્યક્ષ સ્થાનેથી**<br>વુડા વિસ્તારમાં વાઘોડિયા રોડ તથા આજવા રોડની આજુબાજુના વિસ્તારની સોસાયટીમાં નીમેઠા હેડવર્ક્સ મારફત પીવાનું પાણી પુરૂ પાડવાની યોજના બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૮૭૫) :** વુડા વિસ્તારમાં વાઘોડિયા રોડ તથા આજવા રોડની આજુબાજુના વિસ્તારની સોસાયટીમાં નીમેઠા હેડવર્ક્સ મારફત પીવાનું પાણી પુરૂ પાડવાની યોજનામાં નવીન પાઈપ લાઈન નાખવાની કામગીરી, ક્રોસીંગ માટે પુસીંગની વધારાની કામગીરી અને વધારાના વાલ્વ નાખવાની કામગીરી કરવા અંદાજીત થનાર વધારાનો ખર્ચ રૂ. ૫૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પંચાવન લાખ પુરા) ને મંજુર કરવામાં આવ્યો તેમજ સોસાયટીઓમાં પાણી પહોંચાડવાની કામગીરી અતિઆવશ્યક હોવાને કારણે સદર કામગીરી ટેન્ડર પ્રક્રિયાથી નક્કી થયેલ હયાત ઈજારદારશ્રી પાસે જ કરાવવાની મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું. |

**મુદા નંબર: (૨) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૮/૦૪/૨૦૨૩ ની ૨૫૫ મી ખાસ બોર્ડ બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની **તા.૧૮/૦૪/૨૦૨૩ ની ૨૫૫** મી ખાસ બોર્ડ બેઠકમાં મુદ્દા નં. ૧ થી ૦૬ અને અધ્યક્ષ સ્થાનેથી મુદ્દા નં.-૧ મળીને કુલ -૦૭ મુદ્દાઓના ઠરાવ ક્રમાંક ૨૮૨૪ થી ૨૮૩૦ સુધીના લેવાયેલ નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતો આ સાથે પત્રકમાં દર્શાવેલ છે જે અમલીકરણને બહાલી માટે મુદ્દો રજુ કરેલ છે.

**<u>ઠરાવ ક્રમાંક (૨૮૭૭) :</u>** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની **તા.૧૮/૦૪/૨૦૨૩ ની ૨૫૫** મી ખાસ બેઠકમાં લેવાયેલ નિર્ણયોના ઠરાવ ક્રમાંક ૨૮૨૪ થી ૨૮૩૦ ના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

ખાસ બોર્ડ બેઠક -૨૫૫ તા.૧૮/૦૪/૨૦૨૩ ની બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત.

| મુદ્દા નંબર | વિષય | બેઠકમાં થયેલ ઠરાવની વિગત | થયેલ ઠરાવ અંગે કરેલ અમલીકરણની વિગત |
|---|---|---|---|
| ૧ | મોજે ખટંબા, પવલેપુર, શંકરપુરા ખાતે સુચિત નગર રચના યોજના નં.૨૮-એ (ખટંબા, પવલેપુર, શંકરપુરા) અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૮૨૪) :** મોજે ખટંબા, પવલેપુર, શંકરપુરા ખાતે સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૮-એ (ખટંબા, પવલેપુર, શંકરપુરા) નો મુસદ્દો ગેઝેટમાં તા.૨૪/૦૧/૨૦૨૩ થી પ્રસિધ્ધ કર્યાના એક માસની સમય મર્યાદામાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૮-એ ના કુલ ૧૩૩ વાંધા અરજી સત્તામંડળને મળેલ, તમામ અરજીઓની અલગ અલગ પ્રકારની કુલ-૩૫૨ રજુઆતો પૈકી કુલ-૫૬ પ્રકારની રજુઆતો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા તથા બાકીની કુલ-૨૫૬ પ્રકારની રજુઆતો જાહેર હિતમાં ગ્રાહ્ય ન રાખવા નક્કી કરવામાં આવેલ. તથા યોજના વિસ્તારમાં સમાવિષ્ટ મોજે: ખટંબાના ગામતળને લાગુ પૂર્વ દિશા તરફના બ્લોકનં.૨૬૧ થી બ્લોક નં.૨૫૩ વિગેરેમાંથી પસાર થતો ૧૨.૦૦ મીટરનો ડી.પી. રસ્તો તેમજ મોજે: શંકરપુરાના બ્લોક નં.૩, ૧૨, ૯, ૧૦ વિગેરે પસાર થતો ૧૮.૦૦ મી. ડી.પી.રસ્તો રદ કરી રસ્તા પૈકીની સદર જમીનોને લાગુ ઝોનમાં સ્થિત કરવા કલમ-૧૯ હેઠળ ફેરફાર કરવા ઠરાવવામાં આવ્યું. આમ યોજનાના મુસદ્દામાં ઉકત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું, તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી. | સદર મુસદ્દારૂપ નગર રચના યોજનાં ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધી-૧૯૭૬ ની કલમ ૪૮ (૧) હેઠળ સરકારશ્રીની મંજૂરી અન્વયે તા.૨૧/૦૪/૨૦૨૩ થી સાદર કરવામાં આવેલ છે. |
| ૨ | મોજે અણખોલ, હનુમાનપુરા અને શ્રીપોરટિંબી ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૮/બી (અણખોલ-હનુમાનપુરા-શ્રીપોરટિંબી) ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત | **ઠરાવ ક્રમાંક (૨૮૨૫) :** મોજે અણખોલ, હનુમાનપુરા અને શ્રીપોરટીંબી ખાતે સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૮/બી (અણખોલ-હનુમાનપુરા-શ્રીપોરટીંબી) નો મુસદ્દો ગેઝેટમાં તા.૨૪/૦૧/૨૦૨૩ થી પ્રસિધ્ધ કર્યાના એક માસની સમય મર્યાદામાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૮/બી ના કુલ ૧૦૪ વાંધા અરજી સત્તામંડળને મળેલ, તમામ અરજીઓની અલગ અલગ પ્રકારની કુલ-૧૩૯ રજુઆતો પૈકી કુલ-૬૬ પ્રકારની રજુઆતો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા તથા બાકીની કુલ-૭૩ પ્રકારની રજુઆતો જાહેર હિતમાં ગ્રાહ્ય ન રાખવા નક્કી કરવામાં આવેલ. તથા યોજના વિસ્તારમાં સમાવિષ્ટ ૭૫.૦૦ | સદર મુસદ્દારૂપ નગર રચના યોજનાં ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધી-૧૯૭૬ ની કલમ ૪૮ (૧) હેઠળ સરકારશ્રીની મંજૂરી અન્વયે તા.૨૧/૦૪/૨૦૨૩ થી સાદર કરવામાં આવેલ છે. |

| | | | |
|---|---|---|---|
| | | મીટરના ડી.પી. રસ્તાની અલાઇનમેન્ટમાં ફેરફાર કરી રસ્તા પૈકીની સદર જમીનોને લાગુ ઝોનમાં સ્થિત કરવા કલમ-૧૯ હેઠળ ફેરફાર કરવા ઠરાવવામાં આવ્યું. આમ યોજનાના મુસદ્દામાં ઉકત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું, તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી. | |
| ૩ | મોજે સયાજીપુરા, સિકંદરપુરા ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૮/સી (સયાજીપુરા-સિકંદરપુરા) ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૮૨૬) :** મોજે સયાજીપુરા, સિકંદરપુરા ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૮/સી (સયાજીપુરા-સિકંદરપુરા) નો મુસદ્દો ગેઝેટમાં તા.૨૪/૦૧/૨૦૨૩ થી પ્રસિધ્ધ કર્યાના એક માસની સમય મર્યાદામાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૮/સી ના કુલ ૮૫ વાંધા અરજી સત્તામંડળને મળેલ, તમામ અરજીઓની અલગ અલગ પ્રકારની કુલ-૧૩૫ રજુઆતો પૈકી કુલ-૬૧ પ્રકારની રજુઆતો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા તથા બાકીની કુલ-૭૪ પ્રકારની રજુઆતો જાહેર હિતમાં ગ્રાહ્ય ન રાખવા નક્કી કરવામાં આવેલ. તથા યોજના વિસ્તારમાં સમાવિષ્ટ મોજે. સિકંદરપુરાના જુના રે.સ.નં.૫૪, ૫૬, ૫૭, ૫૦, ૪૯ વિગેરેમાંથી પસાર થતા ૧૮.૦૦ મીટરના ડી.પી.રસ્તાની અલાઇનમેન્ટમાં તેમજ મોજે. સયાજીપુરાના જુના રે.સ.નં.૧૪ માંથી પસાર થતા ૧૮.૦૦ મીટરના ડી.પી.રસ્તાની અલાઇનમેન્ટમાં ફેરફાર કરી રસ્તા પૈકીની સદર જમીનોને લાગુ ઝોનમાં સ્થિત કરવા કલમ-૧૯ હેઠળ ફેરફાર કરવા ઠરાવવામાં આવ્યું. આમ યોજનાના મુસદ્દામાં ઉકત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું, તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી. | સદર મુસદ્દારૂપ નગર રચના યોજનાં ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધી-૧૯૭૬ ની કલમ ૪૮ (૧) હેઠળ સરકારશ્રીની મંજૂરી અન્વયે તા.૨૧/૦૪/૨૦૨૩ થી સાદર કરવામાં આવેલ છે. |
| ૪ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટમુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૨ (નોલેજ નોડ) (વરણામા-વડસાલા-સુંદરપુરા-ફતેપુરા- | **ઠરાવ ક્રમાંક (૨૮૨૭) :** ઉકત મુદ્દાના ચર્ચા વિચારણાના અંતે; મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૨ (નોલેજ નોડ) (વરણામા-વડસાલા-સુંદરપુરા-ફતેપુરા-મુજારગામડી) બાબતે સરકારશ્રીના સુધારા અર્થે પરત કરતી વેળાના તા.૨૫/૦૫/૨૦૨૨ ના નોટીફિકેશનના | હદ પરામર્શ મેળવવા પહેલા સદર સમાવિષ્ટ ગામોની માપની કરવા અંગે સર્વે એજન્સી નિમેલ તથા તેઓ દ્વારા માપણી કરવા અંગેની કામગીરી જારીમાં છે. |

| | | | |
|---|---|---|---|
| | મુજારગામડી)ને એક કરતા વધારે ભાગમાં વિભાજીત કરી નાના ક્ષેત્રફળની યોજનાઓ બનાવવા બાબત. | અનુસંધાને અંદાજીત ૨૦૦ થી ૨૫૦ હેકટરમાં વિભાજીત કરી તે મુજબની નવી હદો દર્શાવી તે પરત્વે ડી.આઇ.એલ.આર.શ્રીનું નિમતાણું મેળવી સદર સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાઓ તૈયાર કરવા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રીનો ફેર હદ પરામર્શ મેળવવાની કરવાની થતી સઘળી કાર્યવાહી કરવા સારૂ મુખ્ય કારોબારી અધિકારીશ્રી વડોદરા શહેરી વિકાસ સત્તામંડળને સંપુર્ણ સત્તાઓ સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. | |
| ૫ | મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩ (આઇ.ટી.નોડ) ને એક કરતા વધારે ભાગમાં વિભાજીત કરી નાના ક્ષેત્રફળની યોજનાઓ બનાવવા બાબત. | **<u>ઠરાવ ક્રમાંક (૨૮૨૮) :</u>** ઉકત મુદ્દાના ચર્ચા વિચારણાના અંતે મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩ (આઇ.ટી.નોડ) (વેમાલી-દુમાડ-દેણા-વિરોદ-કોટાલી-સુખલીપુરા-આમલીયારા) બાબતે સરકારશ્રીના તા.૦૫/૧૧/૨૦૨૨ ના પત્રના અનુસંધાને ફિઝીકલ બેરીયર ધ્યાને રાખી અંદાજીત ૨૦૦ થી ૨૫૦ હેકટરમાં વિભાજીત કરી તે મુજબની નવી હદો દર્શાવી તે પરત્વે ડી.આઇ.એલ.આર.શ્રીનું નિમતાણું મેળવી સદર સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાઓ તૈયાર કરવા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રીનો ફેર હદ પરામર્શ મેળવવાની કરવાની થતી સઘળી કાર્યવાહી કરવા સારૂ મુખ્ય કારોબારી અધિકારીશ્રી વડોદરા શહેરી વિકાસ સત્તામંડળને સંપુર્ણ સત્તાઓ સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. | હદ પરામર્શ મેળવવા પહેલા સદર સમાવિષ્ટ ગામોની માપની કરવા અંગે સર્વે એજન્સી નિમેલ તથા તેઓ દ્વારા માપણી કરવા અંગેની કામગીરી જારીમાં છે. |
| ૬ | મુસદ્દારૂપ નગર રચના યોજનાઓમા નાના ક્ષેત્રફળ ધરાવતી જમીનોમાં કપાતનું ધોરણ નક્કી કરવા બાબત . | <u>ઠરાવ ક્રમાંક (૨૮૨૯) :</u> ઉકત મુદ્દા પરત્વે બોર્ડના સર્વ સભ્યો દ્વારા વિસ્તૃત ચર્ચા વિચારણાના અંતે વુડા દ્વારા હવે પછી તૈયાર કરવામાં આવનાર તમામ સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાઓ તથા હાલમાં પ્રગતિ હેઠળની મુસદ્દારૂપ નગર રચના યોજનાઓ નં.૨૮/એ (ખટંબા, શંકરપુરા, પવલેપુર), ૨૮/બી (અણખોલ, હનુમાનપુરા, શ્રીપોરટીંબી), તથા ૨૮/સી (સયાજીપુરા, સિકંદરપુરા) માં સમાવિષ્ટ થતી જમીનોમાં કુદરતી રીતે નાના ક્ષેત્રફળ ધરાવતી જમીનો અંગે ઉકત કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ ક્ષેત્રફળને આધારે કપાતનું ધોરણ અપનાવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. | ઠરાવ મુજબ આયોજન કરી તમામ મુસદ્દારૂપ નગર રચના યોજના સરકારશ્રીની મંજુરી અર્થે સાદર કરેલ છે. |
| ૭ | <u>અધ્યક્ષ સ્થાનેથી..</u><br>વુડા વિસ્તારમાં વાઘોડિયા રોડ તથા આજવા રોડની આજુબાજુના વિસ્તારની સોસાયટીમાં નીમેટા હેડવર્ક્સ મારફત પીવાનું પાણી પુરૂ પાડવાની યોજના. | **<u>ઠરાવ ક્રમાંક (૨૮૩૦) :</u>** વુડા વિસ્તારમાં વાઘોડિયા રોડ તથા આજવા રોડની આજુબાજુના વિસ્તારની સોસાયટીમાં નીમેટા હેડવર્ક્સ મારફત GWSSB આધારિત પીવાનું પાણી પુરૂ પાડવાની O & M તેમજ રીપેરીંગની કામગીરી માટે બહાર પાડવામાં આવેલ ટેન્ડર તેમજ ટેન્ડર પરત્વે આજદિન સુધી કરવામાં આવેલ કામગીરીને બહાલી આપવામાં આવી. | થયેલ ઠરાવ અંગે કાર્યવાહી પ્રગતિમાં છે. |

| | | | |
|---|---|---|---|
| | | વધુમાં શહેરી વિકાસ સત્તામંડળ ના બંધારણ મુજબ વુડા O & Mની કામગીરી કરી શકે તેમ ન હોઈ, આથી પાણી અને ડ્રેનેજ માટે કરવામાં આવેલ/કરવામાં આવનાર O & M ને લગત તમામ પ્રકારની કામગીરી જે તે ગ્રામ પંચાયત દ્વારા કરવાની રહેશે તથા તે અંગે વુડા કચેરી દ્વારા મીટીગનું આયોજન કરી O & M ની કામગીરી માટે (૧) ગ્રામ પંચાયતના સરપંચશ્રી, (૨) ગ્રામ પંચાયતના તલાટીશ્રી અને (૩) સોસાયટીઓના પ્રમુખશ્રી મળી કુલ ૩ સભ્યોની કમિટી બનાવી,જે તે સોસાયટીઓમાં પાણી પૂરૂં પાડવાની, પાણી તથા ડ્રેનેજનો વેરો વસુલાત કરવાની, GWSSBમાં પાણી ચાર્જ જમા કરાવવાની, લાઈન રીપેરીંગ તેમજ અન્ય કામગીરી કરાવવાની રહેશે. તથા સદર કામગીરીમાં દેખરેખ માટે (૧) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડા (૨) અધિક્ષક ઈજનેરશ્રી GWSSB, વડોદરા (૩) માન. ધારાસભ્યશ્રી (૪)પ્રમુખશ્રી જીલ્લા પંચાયત,વડોદરા મળી કુલ ચાર સભ્યોની મોનીટરીંગ કમિટી બનાવવાનું નક્કી કરવામાં આવેલ છે તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ. | |

**મુદા નંબર : (૩) મોજે અટલાદરા તા.વડોદરા વ.કે.નં. ૧૪/૯૧ તા.૨૮/૧૨/૧૯૯૪ થી સંપાદન થયેલ સ.નં. ૪૮ ની સંપાદન જમીન હે.૦-૮૬-૦૦ ચો.મી. વાળી જમીન લેન્ડ ડેવલોપમેન્ટ સ્કીમના હેતુ માટે વળતરની રકમ પર કોર્ટના હુકમ મુજબ ૯%, ૧૫% વ્યાજ ની રકમ રૂ.૭૮,૫૩,૦૦૪/- જમા કરવા બાબત**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ તરફથી મોજે અટલાદરા તા.વડોદરા વ.કે.નં.૧૪/૯૧ તા.૨૮/૧૨/૧૯૯૪ સ.નં.૪૮ હે.૦-૮૬-૦૦, સ.નં.૧૧ પૈકી હે.૦-૩૪-૪૦ અને સ.નં.૧૪ પૈકી હે.૦-૩૮-૪૫ મળી કુલ હે.૧-૫૮-૮૫ જમીનો લેન્ડ ડેવલોપમેન્ટની સ્કીમ માટે વળતરથી સંપાદન કરવામાં આવેલ છે. જેમાંથી સ.નં.૪૮ પૈકીની ૦-૮૬-૦૦ ચો.મી વાળી જમીન માલિક શ્રી મેલાભાઈ લલ્લુભાઈ ચૌહાણ વિગેરેએ નામદાર વડોદરાના પ્રિન્સિપલ સિનિયર સીવીલ જજની કોર્ટમાં લેન્ડ રેફરન્સ નં.૬૨૬/૧૯૯૬ થી દાવો દાખલ કરેલ જેનો ચુકાદો તા.૦૩/૦૩/૨૦૨૩ આવેલ છે. આ ચુકાદા મુજબ રકમ રૂ.૩૧,૫૭,૯૨૦/- બૅન્ક ઓફ બરોડા શાખાનો એકાઉન્ટ પેય ચેક નં.૦૧૧૯૭૮ તા.૨૫/૦૫/૨૦૨૩ ના રોજ જમા કરવામાં આવેલ છે. કોર્ટ ના હુકમ માં જણાવ્યા મુજબ કબજા તારીખથી પ્રથમ વર્ષ માટે ૯% અને બાકીના સમય માટે રકમ કોર્ટમાં જમા કરાવે ત્યાં સુધી ૧૫% વ્યાજની રકમ જમા કરાવવાની રહે છે. તે મુજબ ખાસ જમીન સંપાદન અધિકારીના ગણતરી પત્રક મુજબ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં રૂ.૭૮,૫૩,૦૦૪/- જમા કરાવવાના થાય છે. જે રકમ કોર્ટમાં જમા કરાવવા માટે બોર્ડના સભ્યો શ્રીઓની ચર્ચા-વિચારણાથી બોર્ડમાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૮૭૮) :** નામદાર વડોદરાના પ્રિન્સિપલ સિનિયર સીવીલ જજની કોર્ટમાં લેન્ડ રેફરન્સ નં.૬૨૬/૧૯૯૬ નાં ડિસ્ટ્રિક્ટ કોર્ટનાં તા.૦૩/૦૩/૨૦૨૩ ચુકાદા મુજબ ખાસ જમીન સંપાદન અધિકારી એકમ-૧, વડોદરા નાં ગણતરી પત્રક મુજબ પ્રથમ વર્ષ માટે ૯% અને બાકીના સમય માટે રકમ કોર્ટમાં જમા કરાવે ત્યાં સુધી ૧૫% વ્યાજની રકમ રૂ.૭૮,૫૩,૦૦૪/- (અંકે રૂપિયા ઇઠયોતેર લાખ ત્રેપ્પન હજાર ચાર પુરા) નામદાર કોર્ટમાં જમા કરાવવા ઠરાવવામાં આવ્યું.

**મુદા નંબર : (૪) વુડા સત્તામંડળના વર્ગ-૪ નાં વુડા તથા આઉટસોર્સીંગ કર્મચારીઓ પટાવાળા તેમજ ડ્રાઈવર ને ગણવેશ આપવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ની કચેરીમાં વર્ગ-૪ નાં કર્મચારીઓ પટાવાળા તેમજ ડ્રાઈવર રેગ્યુલર અને આઉટસોર્સ એજન્સી મારફત સત્તામંડળમાં ફરજ બજાવે છે. તેઓને ગણવેશ આપવાથી તેઓની ઓળખ સરળતાથી થઇ શકે તેમજ કાર્યાલયની સુસજ્જતા જળવાઈ રહે તે માટે તેઓને ગણવેશ આપવા નક્કી થઇ આવેલ છે.

કચેરીના વડા માન. મુ.કા.અધિ.શ્રી નાં નોધ આદેશ તા.૨૭/૭/૨૦૨૩ થી મંજુરી મેળવી કુલ-૧૮ કર્મચારીઓને બે જોડી ગણવેશ સિલાઈ ખર્ચ સાથે ખાદી ગ્રામ ઉદ્યોગ પાસેથી ખરીદ્યા જેનો અંદાજિત ખર્ચ રૂ. ૬૦,૦૦૦/- અંગે થયેલ કાર્યવાહીને બહાલી માટે બોર્ડ બેઠકના સભ્યશ્રીઓ સમક્ષ બહાલી અર્થે રજુ કરતા નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૮૭૯) :** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ની કચેરીમાં વર્ગ-૪ નાં પુરૂષ/સ્ત્રી કર્મચારીઓ પટાવાળા તેમજ ડ્રાઈવર રેગ્યુલર અને આઉટસોર્સ કર્મચારીઓને ડ્રેસ કોડ અંગે મુખ્ય કારોબારી અધિકારીશ્રી એ કરેલ કાર્યવાહીને બહાલી આપવામાં આવી.

**મુદા નંબર : (૫) વુડા સત્તામંડળના વર્ગ-૪ નાં કર્મચારી સ્વશ્રી ભુપેન્દ્રભાઈ બી. રાણા, પટાવાળાનાં આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય આપવા બાબત.**

વુડા સત્તામંડળના વર્ગ-૪ નાં કર્મચારી શ્રી ભુપેન્દ્રભાઈ બી. રાણા, (જ.તા.૨૮/૦૬/૧૯૫૮) પટાવાળા તરીકે નોકરીમાં દાખલ થયા તા.૦૧/03/૧૯૭૮ નાઓ ચાલુ નોકરી દરમ્યાન તા.૦૬/૦૧/૨૦૧૧ નાં રોજ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થના પત્ની છાયાબેન બી. રાણા એ તા.૨૪/૦૧/૨૦૧૧ની પુત્ર તુષાર બી.રાણા ને રહેમરાહે નોકરી આપવાની રજૂઆત કરેલ છે. તેઓને સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક : ભરત/૨૧૯૭/ક હેઠળ રહેમરાહે નોકરી મળવા અંગેની યોજના હેઠળ નોકરી મળવા પાત્ર હતી. આ યોજના સરકારશ્રી એ બંધ કરી કર્મચારીના આશ્રિત કુટુંબને ઉચ્ચક સહાય આપવાની યોજના સરકારીશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક : રહમ/૧૦૨૦૦૯/૧૬૫૧/ક તા. ૦૫/૦૭/૨૦૧૧ હેઠળ ઉચ્ચક ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર કર્મચારીના કુટુંબને નીચે પ્રમાણે સહાય ચૂકવવાનું રહેશે. તેવી જોગવાઈ થયેલ છે.

| ક્રમ | મૃત્ય પામનાર કર્મચારીની સેવાનો બાકી રહેતો સમયગાળો | ઉચ્ચક નાણાકીય સહાયની રકમ |
|---|---|---|
| ૧ | ૨૦ વર્ષ કે તેથી વધુ સેવા બાકી હોય | રૂ. ૬ લાખ |
| ૨ | ૨૦ વર્ષથી ઓછી પણ ૧૦ વર્ષ કે તેથી વુધુ સેવા બાકી હોય | રૂ. ૫ લાખ |
| 3 | ૧૦ વર્ષ થી ઓછી સેવા બાકી હોય | રૂ. ૪ લાખ |

સ્વર્ગસ્થશ્રી ભુપેન્દ્રભાઈ બી. રાણા, પટાવાળાની બાકી નોકરીનો સમયગાળો : ૦૭-વર્ષ, ૫-માસ, ૨૫-દિવસ ની નોકરી બાકીમાં હતી જેથી તેઓને ક્રમ-૩ મુજબ ૧૦ વર્ષ થી ઓછી સેવા બાકીમાં હોય તેવા કિસ્સા તરીકે રૂ. ૪ લાખ ઉચ્ચક નાણાકીય સહાય મળવા પાત્ર રહે છે. આ અંગે બોર્ડનાં સભ્યશ્રીઓની ચર્ચા વિચારણાથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૮૮૦) :** વુડા સત્તામંડળના વર્ગ-૪ નાં કર્મચારી શ્રી ભુપેન્દ્રભાઈ બી. રાણા, (જ.તા.૨૮/૦૬/૧૯૫૮) પટાવાળા તા. ૦૬/૦૧/૨૦૧૧ નાં રોજ અવસાન થતા સરકારશ્રીની યોજના મુજબ રહેમ રાહે નોકરીની પ્રથા બંધ થતા ઉચ્ચક સહાય યોજના લાગુ પડતા સ્વર્ગસ્થનાં પત્નીને રૂ. ૪,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ પુરા) ઉચ્ચક સહાય તરીકે ચુકવવા ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નંબર (૦૬ ) : માધવનગરમાં બાકી રહેલ આવાસોનું વેચાણ કરવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા મોજે અટલાદરા ટી.પી.સ્કીમ નં. ૨૮ ના એફ.પી. નં. ૫૨ ખાતે પી.પી.પી + ટર્ન-કી ધોરણે માધવનગર-કેશવનગરની આવાસ યોજનામાં કુલ ૭૨૪ આવાસો બનાવવાની કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયા કરી ઈજારદારશ્રી તરીકે માનવ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લી., વડોદરાને કામગીરી સોંપવામાં આવેલ હતી. તે પરત્વે તેઓ દ્વારા વર્ષ-૨૦૧૯ માં આવાસો બનાવવાની કામગીરી પુર્ણ કરી વુડા કચેરી દ્વારા ડ્રો પધ્ધતિથી ૭૨૪ આવાસો પૈકી આખરી નક્કી થયેલ ૪૭૫ લાભાર્થીઓને આવાસોના પઝેશન સોંપવામાં આવેલ હતા તથા ૭૨૪ આવાસો પૈકી ૨૪૯ લાભાર્થીઓને ડિફોલ્ટર જાહેર કરેલ હતા. જે ધ્યાને લઈ ૨૪૯ આવાસોનું વેચાણ કરવાનું બાકીમાં છે. અગાઉ બાકી રહેલ ૨૪૯ આવાસોને રૂ. ૬,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા છ લાખ પુરા) પ્રતિ આવાસની કિંમતથી વેચાણ કરવા માટે ફોમ બહાર પાડવામાં આવેલ હતા. પરંતુ યોગ્ય પ્રતિભાવ મળેલ ન હોવાને કારણે નવેસરથી કાર્યપધ્ધતિ તૈયાર કરી આવાસોનું વેચાણ કરવાનું આયોજન કરવાનું થાય છે.

મોજે અટલાદરા ટી.પી.સ્કીમ નં. ૨૮ ના એફ.પી. નં. ૫૨ ખાતે પી.પી.પી + ટર્ન-કી ધોરણે માધવનગર-કેશવનગરની આવાસ યોજનામાં કુલ ૭૨૪ આવાસો અને ૧૫ દુકાનના બાંધકામની કામગીરી માટે ઈજારદારશ્રી દ્વારા કુલ રૂ. ૪૮.૩૦ કરોડનો ખર્ચ થયેલ હતો. જેની સામે બાકી રહેલ જમીન પેટે રૂ. ૨૧.૦૦ કરોડ વુડા કચેરીને ઈજારદારશ્રી દ્વારા રિબેટ આપેલ છે. આથી ૭૨૪ આવાસો અને ૧૫ દુકાનો બનાવવા માટે ની પડતર કિંમત રૂ. ૨૭.૩૦ કરોડ થયેલ છે. જેમાં ૭૨૪ આવાસોની પડતર કિંમત રૂ. ૨૭.૦૦ કરોડ અને દુકાનોની પડતર કિંમત રૂ. ૦.૩૦ કરોડ થાય છે. આમ પ્રતિ આવાસ રૂ. ૩,૭૩,૦૦૦/- પડતર કિંમત થાય છે.

આમ ઉકત વિગત ધ્યાને લઈ નવેસરથી ફોમ બહાર પાડી ઓનલાઈન ડ્રો પધ્ધતિથી લાભાર્થી નક્કી કરેલ બાકી રહેલ ૨૪૯ આવાસોને પ્રતિ આવાસ રૂ. ૩,૭૩,૦૦૦/- + મેન્ટેનન્સ ચાર્જીસ + દસ્તાવેજના ખર્ચ સહિત આવાસોનું વેચાણ કરવું કે કેમ તેના નિર્ણય અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૮૮૧) :** માધવનગર-કેશવનગર આવાસ યોજના ખાતે બાકી રહેલ ૨૪૯ આવાસોને નવેસરથી ફોર્મ બહાર પાડી ઓનલાઈન ડ્રો પધ્ધતિથી લાભાર્થી નક્કી કરી પ્રતિ આવાસ રૂ. ૩,૭૩,૦૦૦/- + મેન્ટેનન્સ ચાર્જીસ + દસ્તાવેજના ખર્ચ સહિત આવાસોનું વેચાણ કરવાની મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નંબર : ( ૦૭ ) સીડમની લોનની ચુકવણી બાબત**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળને સરકારશ્રી તરફથી સને-૧૯૭૮ થી ૧૯૯૬ સુધી કુલ રૂ.૫૩૩.૫૦ લાખની સીડમની લોન આપવામા આવેલ, જેથી સત્તામંડળનો નાણાકીય વહીવટ સુચારૂ રૂપથી કરી શકાય. વુડાએ વર્ષ-૧૯૯૫ થી લઇને વર્ષ-૨૦૦૦ સુધી રૂ.૪૩૫ લાખ મુદલ સીડમની લોન પરત કરેલ છે. ત્યાર બાદ અત્રેના સત્તામંડળની આર્થિક પરિસ્થીતી સારી ન હોવાના કારણે રૂ.૯૮ લાખ ૫૦ હજાર બાકીમા હતી. એની પર ૧૧% વ્યાજ અને ૨.૫% પેલન્ટી સહીતના વ્યાજની ચુકવણી કરેલ નથી. સદર બાબતે એજી.ઓડીટ ૨૦૧૪-૧૫ ના રિપોર્ટમાં લોનની રકમ નહી ભરવા બાબતે પેરો પણ લેવામાં આવે છે. જે હવે પી.એસ.સી.રિપોર્ટમા પણ આવેલ છે. વર્ષ-૨૦૨૨-૨૩ બેલેસન્શીટ મુજબ બાકી રાખેલ લોન મુદ્દ્લ રૂ.૯૮.૫૦ તથા વ્યાજ, પેનલ્ટી રૂ.૬,૫૩,૨૦,૭૧૦/- મળી કુલ રકમ રૂ.૭,૫૧,૭૦,૭૧૦/- ચુકવણી બાકી છે. નાણાકીય વર્ષ-૨૦૨૩-૨૪ માં જુન-૨૦૨૩ અંતિત વુડાનુ જી.એસ.એફ.એસ માં રૂ.૫૦૦ કરોડ ઉપરાંતનુ ફંડ સરપ્લસ માં છે. આથી બાકી રકમ રૂ.૭,૫૧,૭૦,૭૧૦/- ની ચુકવી શકાય કે કેમ તેના યોગ્ય તે અભિપ્રાય આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વે બોર્ડના સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય લેવા બોર્ડ સમક્ષ મુદ્દો રજૂ કરેલ છે.

**ઠરાવ ક્રમાક:-(૨૮૮૨)** સરકારશ્રી તરફથી સત્તામંડળને મળેલ સીડમની લોનની બાકી રાખેલ લોન મુદ્દ્લ રૂ.૯૮ લાખ ૫૦ હજાર તથા વ્યાજ, પેનલ્ટી રૂ.૬,૫૩,૨૦,૭૧૦/- મળી કુલ રકમ રૂ.૭,૫૧,૭૦,૭૧૦/- ની રકમ સરકારશ્રીને ચુકવણી કરવા સર્વાનુમતે બહાલી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નંબર ( ૦૮ ) : વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળના સને ૨૦૨૨-૨૩ ના વાર્ષિક હિસાબોને બહાલી આપવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળનો સને ૨૦૨૨-૨૩ ના વાર્ષિક હિસાબો તૈયાર કરી સત્તામંડળની બહાલી માટે રજૂ કરેલ છે.

**ઠરાવ ક્રમાક ( ૨૮૮૩ ):** સત્તામંડળના સને ૨૦૨૨-૨૩ ના વાર્ષિક હિસાબોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદ્દા નંબર (૦૯) : ગોત્રી ખાતે દિનદયાળ નગર વિભાગ-૧, ૨ અને ૩ ખાતે સ્ટ્રકચરલ સ્ટેબીલીટી અંગે ટેસ્ટીંગની કામગીરી માટે થયેલ ખર્ચને બહાલી આપવા બાબત.**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, મોજે ગોત્રી ખાતે વુડા દ્વારા વર્ષ-૧૯૯૯-૨૦૦૨ માં દિનદયાળ નગર વિભાગ-૧,૨ અને ૩ માં EWS આવાસોનું બાંધકામ કરવામાં આવેલ હતુ. સદર આવાસ સ્કીમોમાં દિનદયાળ નગર વિભાગ-૧ માં ૪૨ બ્લોક માં ૫૦૪ મકાનો, દિનદયાળ નગર વિભાગ-૨ માં ૧૮ બ્લોક માં ૨૧૨ મકાનો અને દિનદયાળ નગર વિભાગ-૩ માં ૫૨ બ્લોક માં ૮૦૬ મકાનો આવેલ છે. સદર આવાસોનું બાંધકામ થયે ૨૦ વર્ષથી પણ વધુ સમયગાળો થયેલ છે. જે ધ્યાને લઇ અત્રેની કચેરીના તાંત્રિક અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ દ્વારા સ્થળ મુલાકાત કરવામાં આવી હતી. સ્થળ મુલાકાત કરતા પ્રાથમિક દ્રષ્ટિએ દિનદયાળ નગર વિભાગ-૧, ૨ અને ૩ ના મકાનો જર્જરીત હાલતમાં જણાઈ આવેલ છે. જે પરત્વે દિનદયાળ નગર વિભાગ-૧, ૨ અને ૩ ના મકાનોની સ્ટ્રકચરલ સ્ટેબીલીટી અંગેના જરૂરી હોવાથી ટેસ્ટ કરીને આવાસો રહેવા લાયક છે કે કેમ તેની ચકાસણી કરવી જરૂરી માન. ચેરમેનશ્રી, વુડાની નોંધ પર મંજુરી મેળવી અત્રે દ્વારા કરવામાં આવતા વિકાસના વિવિધ કામોમાં ટેસ્ટીંગની કામગીરી કરવા માટે ઓનલાઇન-ટેન્ડર પ્રક્રિયા કરી NABL દ્વારા મંજૂર થયેલ લેબોરેટરીઓને સંદર્ભિત પત્રથી એમ્પેનલ્ડ એજન્સી **સાંઈ જીયોટેકનિકલ લેબ, વડોદરાને મોજે** દિનદયાળ નગર વિભાગ-૧, ૨ અને ૩ માં સ્ટ્રકચરલ સ્ટેબીલીટી અંગે ટેસ્ટીંગની કામગીરી માટે વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. જે અંગે અંદાજીત રકમ રૂ. ૫૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પંચાવન લાખ) ખર્ચ થાય તેમ છે. સદર ટેસ્ટીંગની કામગીરી માટે થનાર ખર્ચને બહાલી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજૂ કરતા ચર્ચા વિચારણા થતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક (૨૮૮૪ ) :</u>** ગોત્રી ખાતે દિનદયાળ નગર વિભાગ-૧, ૨ અને ૩ ખાતે સ્ટ્રકચરલ સ્ટેબીલીટી અંગે ટેસ્ટીંગની કામગીરી માટે તથા તે માટેના રૂ. ૫૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પંચાવન લાખ) ના ખર્ચને બહાલી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નંબર (૧૦) : પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧ ના એફ.પી. ૧૪૯ ખાતે કરવાની થતી વધારાની કામગીરીની મંજુરી બાબત.**

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા માહે. નવેમ્બર-૨૦૧૯ માં એફ.પી. ૧૫૯, ૧૬૦ અને ૧૬૧ ખાતે આવાસો બનાવવાની કામગીરી માટે ટેન્ડર બહાર પાડવામાં આવેલ હતુ. જેમાં આવેલ ટેન્ડર ઓફરો પૈકી સૌથી ઓછા ભાવ આપનાર ઈજારદારશ્રી મે. ડી. એચ. પટેલ, સુરતને વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. ત્યારબાદ ઈજારદારશ્રી દ્વારા કામગીરી શરૂ કરતા પહેલા ૦૩ પ્લોટો પૈકી એફ.પી. ૧૬૧ નું સંજોગોવસાત પઝેશન ન મળતા સક્ષમ કક્ષાએથી મંજુરી મેળવી ઈજારદારશ્રીને એફ.પી. ૧૬૧ ના બદલે એફ.પી. ૧૪૯ ના પાર્ટ પ્લોટનું પઝેશન સોંપી કામગીરી શરૂ કરાવવામાં આવેલ હતી. પરંતુ એફ.પી. ૧૪૯ ના પ્લોટનોં ક્ષેત્રફળ એફ.પી. ૧૬૧ કરતા વધુ હોવાને કારણે ટેન્ડરની જોગવાઈ કરતા વધુ લંબાઈની કમ્પાઉન્ડ વોલ તેમજ પ્લોટમાં માટીપુરાણ કરવું જરૂરી જણાય છે. આથી એફ.પી. ૧૪૯ ના બાકી રહેતા પાર્ટ પ્લોટમાં અન્ય ઈસમો દ્વારા દબાણ ન થાય અને પ્લોટની જાળવણી થઈ શકે તે હેતુથી વધારાની કમ્પાઉન્ડ વોલ બનાવવાની તથા માટીપુરાણની કામગીરી માટે આ કામગીરીની પી.એમ.સી. પાસે અંદાજ તૈયાર કરાવેલ છે. જેની કુલ રકમ રૂ. ૮,૦૫,૦૦૦/- (અંકે રૂપિયા આઠ લાખ પાંચ હજાર પુરા) થાય તેમ છે.

આમ, ઉકત વિગત ધ્યાને લઈ પી.એમ.સી. દ્વારા રજુ કરેલ અને અત્રેની કચેરી દ્વારા ચકાસણી કરેલ કમ્પાઉન્ડ વોલ અને માટીપુરાણના વધારાના ખર્ચ રૂ. ૮,૦૫,૦૦૦/- (અંકે રૂપિયા આઠ લાખ પાંચ હજાર પુરા) ના અંદાજને મંજુરી આપવા તથા આ કામગીરી હાલના ઈજારદારશ્રી મે. ડી. એચ. પટેલ, સુરત પાસે કરાવવાની મંજુરી મેળવવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજૂ કરતા ચર્ચા વિચારણા થતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૮૮૫ ) :** પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧ ના એફ.પી. ૧૪૯ ખાતે કમ્પાઉન્ડ વોલ અને માટીપુરાણની વધારાની કરવાની થતી કામગીરીના ખર્ચ રૂ. ૮,૦૫,૦૦૦/- (અંકે રૂપિયા આઠ લાખ પાંચ હજાર પુરા) અને સદર કામગીરી હયાત ઈજારદારશ્રી મે. ડી. એચ. પટેલ, સુરત પાસે કરાવવા માટેની મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નંબર (૧૧) : વુડા હદના પૂર્વ વિસ્તારમાં અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્ક નાખવાની કામગીરી બાબત.**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા દ્વારા વુડાના પૂર્વ વિસ્તારમાં આવેલ સિકંદરપુરા, સયાજીપુરા, હનુમાનપુરા, અણખોલ, ખટંબા ગામોમાં ડ્રેનેજ નેટવર્કની કામગીરી કરવાનું વુડા બોર્ડ બેઠક નં. ૨૨૬ તા.૧૦/૦૩/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક નં. ૨૩૦૧ માં નક્કી થતાં સૌથી ઓછા ભાવ આપનાર ઈજારદારશ્રી કે. એસ. ડી કન્સ્ટ્રક્શન, રાજકોટને કામની અંદાજિત ટેન્ડર કિંમત રૂ.૧૫,૦૦,૬૩,૮૨૬.૦૦ ના ૩૨.૨૨% Below એટલે કે રૂ. ૧૦,૧૭,૧૩,૨૬૧.૨૬ ની કિંમતનો વર્ક ઓર્ડર તા. ૨૬/૧૨/૨૦૧૬ ના રોજ આપવામાં આવેલ હતો. તે પરત્વે ઈજારદારશ્રી કે. એસ. ડી કન્સ્ટ્રક્શન, રાજકોટ દ્વારા જેમ-જેમ જમીન માલિકો દ્વારા જગ્યાનું પઝેશન આપવામાં આવ્યુ તે પ્રમાણે પી.એમ.સી. તથા ટી.પી.આઈ. ના સુપરવિઝન હેઠળ કામગીરી કરવામાં આવેલ હતી. સદર કામગીરીની સમયમર્યાદા તા. ૨૫/૦૨/૨૦૧૯ સુધી વધારી આપવામાં આવેલ હતી. ત્યારબાદ હનુમાનપુરા અને સયાજીપુરાથી આવતી ડ્રેનેજ લાઈનને અણખોલ ગામમાંથી પસાર થતી લાઈનને જોડવા માટે જગ્યાનું પઝેશન મે-જુન ૨૦૧૯ માં મળતા કામગીરીની સમયમર્યાદા પુર્ણ થયા બાદ બાકી રહેલ ડ્રેનેજ લાઈન નાખવી જરૂરી હોવાને કારણે ઈજારદારશ્રી દ્વારા જુન-૨૦૧૯ સુધી કરેલ કામગીરીના રનીંગ બીલોનું ચુકવણું કરવામાં આવેલ હતુ.

ટેન્ડરમાં સુચિત નકશા મુજબ ડ્રેનેજ લાઈન નેશનલ હાઈ-વે નં. ૪૮ ને સમાંતર તક્ષ ગેલેક્સી મોલથી વાઘોડીયા ચોકડી સુધી અને ત્યાંથી વાઘોડીયા તરફ જવાના રસ્તે કપુરાઈ કેનાલ સુધી દર્શાવેલ હતી. સદર લાઈનના રૂટમાં નેશનલ હાઈ-વેની, માલિકીની જમીન, MGVCL ના TC સ્ટ્રકચર તથા અન્ય કંપનીઓના અન્ડર ગ્રાઉન્ડ કેબલો, દુકાનો, મંદિર, આવેલ હતી. જે ધ્યાને લેતા ડ્રેનેજ લાઈનના રૂટમાં ફેરફાર કરીને તક્ષ ગેલેક્સી મોલની બાજુમાંથી અણખોલ કાંસ તરફ લાઈન નાખવા માટે અત્રેની કચેરીના અધિકારીશ્રીઓ, પી.એમ.સી. તથા ટી.પી.આઈ. દ્વારા મંજુરી આપવામાં આવેલ હતી. સદર ફેરફાર થયેલ રૂટનો પી.એમ.સી. દ્વારા સર્વે કરતા ૨૦૦ એમએમ ડાયાની જગ્યાએ ૨૫૦ એમએમ ડાયાની પાઈપને મંજુર કરવામાં આવી હતી. ટેન્ડરમાં ૨૫૦ એમએમ ડાયાની પાઈપનો જથ્થો ૩૫૨ રનીંગ મીટર લેવામાં આવેલ હતો. પરંતુ રૂટમાં ફેરફાર થતા ૧૦૮૫.૬૦ રનીંગ મીટરનો જથ્થો વધારવામાં આવેલ હતો તથા ૩૦૦ એમએમ ડાયામાં ૧૫.૪૦ રનીંગ મીટર જથ્થો વધારવામાં આવેલ હતો તથા તે મુજબ ઈજારદારશ્રી દ્વારા કામગીરી કરવામાં આવી હતી તથા ઈજારદારશ્રીને તેનું ચુકવણું કરવામાં આવેલ છે. વધુમાં અલગ-અલગ ડાયાની પાઈપોની ખોદાણની ઉંડાઈમાં, મેનહોલ કેસીંગમાં સ્થળ સ્થિતી મુજબ જથ્થો વધારવામાં આવેલ હતો તથા કેટલીક ખોદાણની આઈટમોમાં ટેન્ડરમાં ભાવ ન હોવાને કારણે SOR રેટથી ૩૨.૨૨% Below પ્રમાણે કામગીરી કરીને ચુકવણું કરવામાં આવેલ હતુ. આમ, ટેન્ડરમાં જથ્થામાં વધારો થવાના કારણે તથા નવી આઈટમોને કારણે કુલ રૂ. ૩૧,૬૧,૧૩૦/- નો ખર્ચ થવા જાય છે તથા તે પૈકી રૂ. ૩૦,૧૧,૯૯૭.૮૬ નું ચુકવણું કરવામાં આવેલ છે. સદર કામની ટેન્ડર કિંમત રૂ. ૧૫,૦૦,૬૩,૮૨૯/- હતી તથા એજન્સી કે. એસ. ડી કન્સ્ટ્રક્શન, રાજકોટને ૩૨.૨૨% Below એટલે કે રૂ. ૧૦,૧૭,૧૩,૨૬૧.૨૬ નો વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો. સદર જથ્થા વધારાની કામગીરી

થવાથી ઈજારદારશ્રીને કુલ ચુકવણાની રકમ વર્ક ઓર્ડરની રકમથી વધારે થતી નથી. આમ, ઉપરોકત વિગતે જથ્થા વધારાની કામગીરી માટે તથા ખોદાણની કેટલીક આઈટમોમાં SOR રેટથી ૩૨.૨૨% Below પ્રમાણે કરવામાં આવેલ કામગીરીને તથા તેના રૂ. ૩૧,૬૧,૧૩૦/- ના ખર્ચને બહાલી આપવા તે અંગેનો મુદ્દો વુડા બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**<u>ઠરાવ ક્રમાંક (૨૮૮૬ ) :</u>** વુડા હદના પૂર્વ વિસ્તારમાં આવેલ સિકંદરપુરા, સયાજીપુરા, હનુમાનપુરા, અણખોલ, ખટંબા ગામોમાં ડ્રેનેજ નેટવર્કની કામગીરી માં વધારાની કામગીરી તથા ખોદાણની કેટલીક આઈટમોમાં SOR રેટથી ૩૨.૨૨% Below પ્રમાણે કરવામાં આવેલ કામગીરીને તથા તે માટે રૂ. ૩૧,૬૧,૧૩૦/-(અંકે રૂપિયા એકત્રીસ લાખ એકસઠ હજાર એકસો ત્રીસ પુરા) ના ખર્ચને બહાલી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

**મુદ્દો: (૧૨) મોજે. અટલાદરા તા.જી.વડોદરા, રે.સ.નં ૧૦૨/૧ વાળી જમીનમાં ગુજરાત નગર આયોજન અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ (૧૯) હેઠળ ઝોન ફેર કરવા બાબત.**

વુડાની મંજુર અને અમલી દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના મુજબ મોજે.અટલાદરા, તા.જી.વડોદરા, ના રે.સ.નં.૧૦૨/૧ વાળી જમીન નોન ઓબ્નોક્ષીયસ ઔદ્યોગિક ઝોન માં આવેલ છે. અરજદારશ્રીની રજૂઆત તા.૨૧/૦૨/૨૦૨૨ ના પત્રમાં નોન ઓબ્નોક્ષીયસ ઔદ્યોગિક ઝોન માંથી રહેણાંક ઝોન કરવા જણાવેલ તથા અરજદારશ્રીની તા.૧૭/03/૨૦૨૨ ના પત્રમાં નોન ઓબ્નોક્ષીયસ ઔદ્યોગિક ઝોન માંથી સ્થાનિક વાણીજ્ય ઝોનમાં ઝોનફેર કરવા જણાવેલ. જે અન્વયે અત્રેની કચેરી દ્વારા તા. ૨૧/૦૨/૨૦૨૨ અને તા.૧૭/03/૨૦૨૨ ની રજૂઆત અન્વયે વડોદરા મહાનગર પાલિકાને તા.૨૨/૦૪/૨૦૨૨ ના પત્રથી અભિપ્રાય પાઠવવા જણાવવામાં આવેલ. જે અન્વયે તા.03/૦૭/૨૦૨૩ ના પત્રથી વડોદરા મહાનગર પાલિકા દ્વારા સદરહું સવાલવાળી જમીનમાં નોન ઓબ્નોક્ષીયસ ઔદ્યોગિક ઝોનમાંથી રહેણાંક ઝોન કરવા નિયમાનુસારની કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ.

વુડાની હાલ મંજુર અને અમલી દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજનામાં સૂચિત જમીન નોન ઓબ્નોક્ષીયસ ઔદ્યોગિક ઝોનમાં સમાવેશ થયેલ છે. સૂચિત જગ્યામાં અગાઉ ઔદ્યોગિક અંગેની (ટેક્ષટાઈલ મીલ) કામગીરી થતી હતી, જેના કારણે ત્યાં નોન ઓબ્નોક્ષીયસ ઔદ્યોગિક ઝોન રાખવામાં આવેલ હતો.

ઉકત તા.03/૦૭/૨૦૨૩ ના પત્રમાં જણાવ્યા અનુસાર તથા અત્રેથી કરાવાયેલ હયાત જમીન વપરાશ મુજબ પણ સદર જમીનની આજુબાજુના વિસ્તારમાં રહેણાંક ઝોન આવેલ છે. આમ આજુબાજુનો વિસ્તાર રહેણાંક ઝોનમાં આવતો હોઇ નોન ઓબ્નોક્ષીયસ ઔદ્યોગિક ઝોનમાંથી રહેણાંક ઝોનમાં ફેરવવાનો અભિપ્રાય વડોદરા મહાનગર પાલિકા દ્વારા પાઠવવામાં આવેલ છે. તે બાબત ધ્યાને લેતા નીચે મુજબની કાર્યવાહી માટે નિર્ણય થવા બોર્ડ સમક્ષ ચર્ચા વિચારણા માટે રજુ.

૧) મોજે. અટલાદરા, રે.સ.નં.૧૦૨/૧, ક્ષેત્રફળ-૨૭૦૧૩ ચો.મી. આશરે (૭/૧૨ મુજબ) વાળી જમીન નોન ઓબ્નોક્ષીયસ ઔદ્યોગિક ઝોનમાંથી રહેણાંક ઝોનમાં ફેરવવા બોર્ડના સર્વ સભ્યોશ્રી સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરવાનો થાય અને ઝોન ફેરફાર કરવા નિર્ણય થાય તો સરકારશ્રીમાં નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ (૧૯) હેઠળ દરખાસ્ત પાઠવવા અથવા

૨) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની ૨૩૮ મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક ૨૫૫૬ તા.૧૪/૧૨/૨૦૧૮ થી ગુજરાત નગર આયોજન અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ (૨૧) હેઠળ પ્રવર્તમાન વિકાસ યોજના પુનરાવર્તિત કરી તૃતીય પુનરાવર્તિત કરવા ઠરાવાયેલ હોઇ, સવાલવાળી જમીનની સદરહું રજૂઆતને તૃતીય પુનરાવર્તિત વિકાસ યોજના તૈયાર કરતી વખતે ગુણદોષના આધારે ધ્યાને લેવાનો રહે.

આમ, ઉકત (૧) અથવા (૨) અન્વયેની કાર્યવાહી માટે બોર્ડના સર્વ સભ્ય સમક્ષ ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૮૮૭) :** બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણાનાં અંતે ઉપરોકત મુદ્દાની વિગતો ધ્યાને લઇ, મોજે. અટલાદરાના રે.સ.નં.૧૦૨/૧ વાળી જમીનને નોન ઓબ્નોક્ષીયસ ઔદ્યોગિક ઝોનમાંથી અન્ય રહેણાંક ઝોન (આર-૧) માં ઝોન ફેર કરવા બાબતે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૯ હેઠળ વિકાસ યોજનામાં સુધારો કરવાની દરખાસ્ત સરકારશ્રીમાં પાઠવી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નં.(૧૩) : મોજે. નાગરવાડા, રે.સ નં ૧૧૦/૩વાળી જમીનમાં વુડાની વિકાસ યોજનામાં દર્શાવેલ પબ્લીક ઇન્સ્ટીટયુશનલ પર્પઝ ફોર એમ.એસ.યુ. ઝોન રદ કરી ઝોન ફેર કરવા બાબત.**

મોજે. નાગરવાડા, રે.સ નં ૧૧૦/3 વાળી જમીનમાં વુડાની મંજુર વિકાસ યોજના-૧૯૮૪ માં બોટનીકલ ગાર્ડન ફોર એમ.એસ.યુ. ના હેતુ માટે ગુજરાત રાજ્ય અને શહેરી વિકાસ અધિનીયમ ની ૧૨(૨)(b) હેઠળ અનામત દર્શાવેલ હતી. જે રીઝર્વેશન વુડાની મંજુર પ્રથમ પુનરાવર્તિત વિકાસ યોજના-૧૯૯૬ માં પણ ચાલુ રાખેલ હતી. ત્યારબાદ હાલમાં મંજુર અમલી દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૧૨ માં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનીયમ-૧૯૭૬ ની ૧૨(૨)(o) હેઠળ સદર જમીનોને પબ્લીક ઈનસ્ટીટ્યુશનલ યુઝ ફોર એમ.એસ.યુ. ઝોન તરીકે દર્શાવેલ છે.

મોજે. નાગરવાડા, રે.સ નં.૧૧૦/3 વાળી જમીનોમાં નામદાર હાઇકોર્ટ દ્વારા તા.૨૭/૦૧/૨૦૨૧ ના ઓરલ ઓર્ડરથી ડીરીઝર્વ કરવા આદેશ કરેલ. જે પરત્વે સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૨૯/૦૬/૨૦૨૩ ના પત્ર ક્રમાંક: UDUHD/TPS/e-file/18/2023/5094/Lથી નામદાર ગુજરાત હાઇકોર્ટ ના તા.૨૭/૦૧/૨૦૨૧ ના રોજ થયેલ **SCA No.11794 of 2006,** ઓરલ ઓર્ડર(હુકમ) અન્વયે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનીયમ-૧૯૭૬ તથા તે તળેના નિયમો હેઠળ સદરહુ જમીન ને ડી-રિઝર્વ/રીલીઝ કરી જરૂરી કાર્યવાહી કરવા આદેશ કરેલ. તેમજ કન્ટેમ્પટ નોટીસ ઓફ MCA 17464 of 2023 અન્વયે મળેલ નામ. હાઇકોર્ટનો ઓર્ડર, ત્યારબાદ અત્રેના તા.૩૧/૦૭/૨૦૨૩ ના પત્ર નં.યુડીએ/પ્લાન-૧/જ/૨૦૬/૨૦૨૩ થી વડોદરા મહાનગર પાલિકાની કચેરીનો સદરહું બાબતે દ્રષ્ટિબિંદુ સ્પષ્ટ કરીને, રાજ્ય સરકારશ્રીની સૂચના/આદેશ અનુસાર સવાલવાળી જમીન માટે કલમ-૧૯ હેઠળ ફેરફાર કરવા બાબતે અધિનિયમની જોગવાઇઓ હેઠળ ઝોન ફેર કરવા અંગેનો સ્પષ્ટ અભિપ્રાય માંગવામાં આવેલ. જે આજ પર્યત અત્રે મળવામાં નથી.

વધુમા, સદરહું જમીનની નજીકમાં આવેલ મોજે. નાગરવાડા, રે.સ નં૧૦૯ વાળી જમીનને ગુજરાત હાઈકોર્ટના તા.૧૩-૦૭-૨૦૧૭ ના રોજના ચુકાદાથી ડીરીઝર્વ કરવા જણાવેલ. જે અન્વયે સવાલવાળી જમીનને ડીરીઝર્વ કરી પ્રતિબંધિત ઝોન-૧ માં સૂચિત કરવા અંગે તા.૧૨-૦૯-૨૦૧૭ થી બોર્ડ બેઠક નં ૨૩૩, ઠરાવ ક્રમાંક ૨૪૩૪ અન્વયે કલમ-૧૯ હેઠળ અત્રેની કચેરીના પત્રાંક:યુડીએ/પ્લાન-૨/૧૨૯૨/૨૦૧૭, તા.૧૨-૦૯-૨૦૧૭ થી સવાલવાળી જમીનને પ્રતિબંધિત ઝોન-૧ માં ઝોનફેર કરવા વેરીયેશનની દરખાસ્ત કરેલ. જે પરત્વે સરકારશ્રી દ્વારા તા.૦૨-૦૬-૨૦૧૮ ના રોજ પ્રાથમિક જાહેરનામું : GH/V/66 of 2018/TPS-122018-3763-L, Dt.02-06-2018 : સદર જમીન ' પબ્લીક ઈનસ્ટીટ્યુશનલ હેતુ ફોર એમ.એસ.યુ.' ને દુર કરી પ્રતિબંધિત ઝોન-૧ તરીકે નિયુક્ત કરી વાંધા સૂચનો મંગાવેલ. જે સરકારશ્રી કક્ષાએ નિર્ણયાધીન છે. તેમજ રે.સ.નં.૧૧૧ પૈકી વાળી જમીનમાં અત્રેની દરખાસ્ત મુજબ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૦૨/૧૧/૨૦૨૨ ના રોજના GH/V/209 of 2022/TPS/122022-2787-L'Public Intuitional Use for MSU" ઝોનમાંથી "પ્રતિબંધિત ઝોન-૧" માં ઝોન ફેર કરેલ.

વધુમાં, જણાવવાનું કે મોજે. નાગરવાડા, રે.સ.નં.૧૧૦/૩ વાળી જમીન વિશ્વામિત્રી નદીની બાજુમાં સ્થિત હોઇ તથા મોજે. નાગરવાડા, રે.સ.નં.૧૧૧ પૈકી અને રે.સ.નં.૧૦૯ વાળી જમીનના પ્રકરણને ધ્યાને લઇ સવાલવાળી જમીન મોજે. નાગરવાડા, રે.સ.નં.૧૧૦/૩ વાળી જમીનમાં પબ્લીક ઇન્સ્ટીટયુશનલ હેતુ ફ્રોર એમ.એસ.યુ માંથી "પ્રતિબંધિત ઝોન-૦૧" ઝોનમાં ઝોન ફેર કરવાનો નિર્ણય લેવાનો થાય જે અંગેનો મુદ્દો બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક ( ૨૮૮૮)** : બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણાનાં અંતે ઉપરોકત મુદ્દાની વિગતો ધ્યાને લઇ, મોજે. નાગરવાડા, રે.સ.નં.૧૧૦/૩ વાળી જમીનમાં પબ્લીક ઇન્સ્ટીટયુશનલ હેતુ ફ્રોર એમ.એસ.યુ માંથી "પ્રતિબંધિત ઝોન-૦૧" માં ઝોન ફેર કરવા બાબતે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૯ હેઠળ વિકાસ યોજનામાં સુધારો કરવાની દરખાસ્ત સરકારશ્રીમાં પાઠવી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર.(૧૪): નગર રચના યોજનાનં. ૨ (સમા-દુમાડ-વેમાલી) ની બીફોર એવોર્ડની દરખાસ્તો અન્વયે રસ્તા તથા સત્તામંડળના અનામત પ્લોટો બાબતે તથા સરકારશ્રીના તા.૨/૧૧/૨૦૨૨ ના યોજના વિસ્તારમાં ૧% પાર્કીંગ અનામત રાખવાની સુચના અન્વયેની દરખાસ્તોને પરામર્શ / અભિપ્રાય આપવા બાબત.**

ઉપરોકત વિષયે જણાવવાનું કે, નગર રચના યોજનાનં. ૨ (સમા-દુમાડ-વેમાલી) વુડા સરકારશ્રીના તા.૧૬/૦૫/૨૦૧૪ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/વી/૧૧૩ નો ૨૦૧૪/ટીપીએસ-૧૨૨૦૧૩-૩૭૫૯-લ, થી મંજુર થયેલ. તથા સરકારશ્રી દ્વારા મંજૂર થયેલ સદર નગર રચના યોજનાને આખરી કરવા સરકારશ્રીના તા.૧૫/૧૨/૨૦૧૪ ના અધિસુચના થી નગર રચના અધિકારીની નિમણુંક થયેલ છે. સદરહું નગર રચના યોજનાની હદ વિસ્તારમાં સમાવિષ્ટ થતા વુડા વિસ્તારના મોજે દુમાડના રસ્તા તથા સત્તામંડળના અનામત પ્લોટો બાબતે વડોદરા શહેરી વિકાસ સતામંડળની અનુમોદન આપવા બાબતે નગર રચના અધિકારીશ્રી દ્વારા તા.૯/૧૦/૨૦૧૯ ના પત્ર ક્રમાંક નં. નરયો/વડોદરા/નં.૨ (સમા-દુમાડ-વેમાલી)/કા.પુ. પરામર્શ/૭૬૨૦ થી કા.પુ. યોજનાની દરખાસ્ત અત્રે પાઠવેલ છે. જે પરત્વે અત્રેથી તા.૦૨/૧૧/૨૦૧૯ ના પત્ર નંબર યુડીએ/પ્લાન-૪/૧૩૦૪/૨૦૧૯ ના પત્રથી અત્રે જણાવેલ મુદ્દા પરત્વે ફેરફાર / સુચનો કરવા જણાવેલ.

ઉકત નગર રચના યોજનાનં. ૨ (સમા-દુમાડ-વેમાલી) ની બી-ફોર એવોર્ડની દરખાસ્તો અન્વયે રસ્તા તથા સત્તામંડળના અનામત પ્લોટો બાબતે તથા સરકારશ્રીના તા.૨/૧૧/૨૦૨૨ ના સુચન અન્વયે યોજના વિસ્તારમાં ૧% પાર્કીંગ અનામત રાખવાની સુચના અન્વયેની દરખાસ્તોને પરામર્શ / અભિપ્રાય અન્વયે અત્રેથી આપવા જોગ સુચન/પરામર્શની વિગત દર્શાવતું પત્રકસહ નક્શા નંબર ૪ પાઠવેલ. જે ધ્યાને લઇ બી-ફોર એવોર્ડ દરખાસ્તમાં નગર રચના અધિકારીશ્રી દ્વારા પરામર્શ આપવા અત્રેના તા.૦૨/૧૧/૨૦૧૯ ના કા.પુ. સુચના ઉપર થયેલ કાર્યવાહી અંગેની યોજનાની વિગતો નીચે મુજબ છે.

૧. ઉક્ત વિગતો પરત્વે નગર રચના અધિકારીશ્રી દ્વારા પાઠવેલ પત્રકની વિગતો જોતા પત્રક - ૬ માં સત્તામંડળને ફાળવેલ પાર્કીંગ હેતુ માટે એફ.પી. નં.૨૩૨, ૨૩૪, ૨૩૯ તથા ૨૪૫ ફાળવેલ છે. જેનું કુલ ક્ષેત્રફળ મળી ૫૫૯૯.૦ ચો.મી. થાય છે.

૨. અત્રેથી પાઠવેલ તા.૦૨/૧૧/૨૦૧૯ ના અત્રેના અનુમોદન મુજબ કા.પુ. યોજનાની દરખાસ્તમાં મંજુર મુસદ્દારૂપ નગર રચના યોજનાના C1-C2 થી દર્શાવેલ રસ્તો રદ કરી A1-A2 થી દર્શાવેલ નવો ૧૮.૦ મી. નો રસ્તો આયોજનની દ્રસ્ટીએ યોગ્ય ન હોવાથી C1-C2 થી દર્શાવેલ મંજુર મુસદ્દારૂપ નગર રચના યોજના મુજબનો રસ્તો તથા તેની રેખા યથાવત રાખવા જણાવેલ, જે સુચન મુજબનો સુધારો કરેલ છે.

3. કા.પુ. દરખાસ્તમાં એફ.પી. નં. ૨૪૧ ને રહેણાંક વેચાણ હેતુમાંથી સામાજીક અને આર્થીક રીતે નબળા વર્ગના લોકો માટેના હેતુ માટે ફાળવવા સુચન કરેલ, જેમાં સુધારો કરેલ છે.

આમ ઉક્ત મુદ્દાઓ ધ્યાને લઈ સદર યોજના વિસ્તાર તથા તેમા આવતા રિઝર્વેશન અંગે સ્ટેજ વાઈઝ સરખામણી દર્શાવતુ પત્રક આ સાથે સામેલ છે. જે ધ્યાને લઇ ચર્ચા વિચારણા અને ઉચીત

નિર્ણય લેવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સભ્ય બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૮૮૯)** : બોર્ડના સર્વ સભ્યોશ્રી સાથે ચર્ચા વિચારણા બાદ હાલમાં પાઠવેલ યોજનાની બીફોર એવોર્ડની દરખાસ્તએ તત્કાલીન પ્રવર નગર નિયોજકશ્રી અને નગર રચના અધિકારીશ્રી દ્વારા પઠવાયેલ હોઇ તેમજ તેઓ નિવૃત થયેલ છે. તથા સરકારશ્રી દ્વારા હાલમાં નવા નિયુકત પ્રવર નગર નિયોજકશ્રી અને નગર રચના અધિકારીશ્રીની નિમણુંક કરેલ હોય, અત્રેથી પરામર્શ આપ્યા બાદ જો નવા નિયુકત પ્રવર નગર નિયોજકશ્રી અને નગર રચના અધિકારીશ્રી ફેર સુધારા કરે તો તે કિસ્સામાં પુનઃ પરામર્શ લેવાનો રહે છે. જેથી સમગ્ર નગર રચના યોજનામાં એક સુત્રતા જળવાઇ રહે તથા કામગીરી બેવડાય નહીં તે હેતુથી નવા નિયુકત પ્રવર નગર નિયોજકશ્રી અને નગર રચના અધિકારીશ્રીને બીફોર એવોર્ડની દરખાસ્તનો ફેર ચકાસણી કરી અત્રેનો પરામર્શ લેવા જણાવી; હાલે પાઠવેલ દરખાસ્ત પરત કરવા  સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે. તથા આ અંગેની તમામ કાર્યવાહી કરવા મુખ્ય કારોબારી અધિકારીને અધિકૃત કરવા ઠરાવવામાં આવેલ છે.

## અધ્યક્ષ સ્થાનેથી

મુદા નંબર : (૧) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળને સંપ્રાપ્ત થતાં પ્લોટનો સામાજિક પ્રસંગો અને તહેવારોના ઉપયોગમાં ભાડેથી પ્લોટ આપવા બાબત

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ તરફથી ગુજરાત ટાઉન પ્લાનિંગ એકટ હેઠળ જુદી જુદી નગર રચના યોજનઓ મુસદારૂપ, પ્રારંભિક, આખરી, ટીપી થી વુડાને સંપ્રાપ્ત થતાં પ્લોટના નિકાલ કરવામાં આવે છે. ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણના જાહેરનામા ક્રમાંક નં. KV/51 of 2020/VMC/902019/7618-7621/P Date:-18/20/2020 અન્વયે ગામ ભાયલી, સેવાસી, વેમાલી, બિલ, કરોડિયા, ઉંડેરા, વડદલાને વડોદરા મહાનગર પાલિકા વિસ્તારમાં સમાવેશ કરવામાં આવેલ છે. શ.વિ અને શ.ગૃ.નિર્માણ વિભાગના હુકમ નં.-યુડીએ-૧૦૨૦૨૦-૧૦૫૩(૪)-વ તા.૫/૭/૨૦૨૧ અન્વયે વડોદરા શહેરી વિકાસ સત્તામંડળનો જે વિસ્તાર વડોદરા મહાનગરપાલિકા વિસ્તારમાં ભળેલ છે તે વિસ્તારની નગર રચના યોજનાઓ અંતર્ગત સંપ્રાપ્ત થનાર તમામ ફાઇનલ પ્લોટો પૈકી "સેલ ફોર કોમર્શિયલ અને સેલ ઓફ રેસિડેન્શિયલ હેતુના પ્લોટ વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ના રહેશે અને તે સિવાયના પ્લોટો વડોદરા મહાનગર પાલિકાને તબદીલ કરવાના રહેશે. આ હુકમ મુજબ ઉકત ૭-ગામના પ્લોટ વુડા હસ્તક રહે છે. તેમજ વુડા હસ્તકની નવી રચાયેલ/રચાનાર નગર રચના યોજનાઓમાં વુડાને સંપ્રાપ્ત થનાર પ્લોટનો નિકાલ/વપરાશ કરી વુડાની આવક ઉભી કરી શકાય તેમ છે. તેમજ સામાજિક પ્રસંગો અને વારતહેવારો માટે ઉપયોગ થઈ શકે તેમ છે તેમજ નવરાત્રી જેવા મહોત્સવના હેતુથી વડોદરા મહાનગર પાલિકા જે નીતિથી વપરાશકારોને ઉપયોગ કરવા માટે આપવામાં આવે છે. તે નીતિ વુડામાં અમલવામાં મૂકવા બોર્ડ બેઠકની સભ્યોશ્રીઓની ચર્ચા-વિચારણા અને નિર્ણય અર્થે સાદર રજુ.

**ઠરાવ ક્રમાંક (૨૮૯૦) :** વુડા હસ્તકની નવી રચાયેલ/રચાનાર નગર રચના યોજનાઓમાં વુડાને સંપ્રાપ્ત થનાર પ્લોટનો નિકાલ/વપરાશ કરી વુડાની આવક ઉભી કરી શકાય તેમ છે. તેમજ સામાજિક પ્રસંગો અને વારતહેવારો માટે ઉપયોગ થઈ શકે તેમ છે તેમજ નવરાત્રી જેવા મહોત્સવના હેતુથી વડોદરા મહાનગર પાલિકા જે નીતિથી વપરાશકારોને ઉપયોગ કરવા માટે આપવામાં આવે છે. તે નીતિ વુડામાં અમલવામાં મૂકવા ઠરાવવામાં આવે છે. અને આ અંગેની કરવાની થતી સઘળી કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને આપવા ઠરાવવામાં આવ્યું.